Item NO: 11.6 પરિશિષ્ટ-૭

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

વંચાણે લીધોઃ- પોલીસ ઇન્સ્પેકટરશ્રી, આણંદ એ.સી.બી, પોલીસ સ્ટેશનના પત્ર ક્રમાંકઃ ફેક્ષ/ જાવક/ ૩૬/ ૨૦૧૭, તા.૨૮-૦૨-૨૦૧૭.

-કાર્યાલય આદેશ -

યુનિવર્સિટીની કાર્યપાલક ઇજનેરશ્રી કચેરીમાં જુનીયર ઇજનેર તરીકે ફરજો બજાવતા શ્રી ટી.ડી. વાળાએ ભવાની કન્સ્ટ્રકશન કું. ના ઠેકેદાર શ્રી ડી. એચ. શર્મા પાસે તેમના બાંધકામના આખરી બીલના ચુકવણાં માટે લાંચ લેવાની તજવીજ કરેલ હતી અને રૂા.૧૫૦૦૦/- લેવાનું નકકી કરેલ હતું. ઠેકેદાર શ્રી શર્માએ આ અંગે તા. ૦૧-૦૬-૨૦૦૭ના રોજ એ.સી.બી. નડીયાદને ફરીયાદ કરતા લાંચ લેવાના છટકામાં શ્રી વાળા તા.૦૨-૦૬-૨૦૦૭ના રોજ રંગેહાથ ઝડપાઇ ગયેલ હતા. આ અંગેનો ફોજદારી કેસ નં. ૦૩/૨૦૦૮ ડીસ્ટ્રીકટ કોર્ટ, આણંદમાં રજુ થયેલ જેનો ચુકાદો તા. ૨૮-૦૨-૨૦૧૭ના રોજ આવી જતાં ઉપરોકત વંચાણે લીધેલ પત્રથી એ.સી.બી.ના ઇન્સ્પેકટરશ્રી એ નીચે મુજબ જણાવ્યું છે.

" આ કામના આરોપીને ભ્ર.નિ. અધિ.૧૯૮૮ની કલમ-૭ અન્વયે ત્રણ વર્ષ સખ્ત કેદ અને રૂપિયા ૩૫૦૦/- દંડ અને દંડ ન ભરેતો વધુ ત્રણ માસની સાદી કેદ ની સજા અને કલમ ૧૩(૨) અન્વયે પાંચ વર્ષ સખ્ત કેદ અને રૂપિયા ૩૫૦૦/- દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા અને તમામ સજા એક સાથે ભોગવવાના હુકમ એડીશનલ ડિસ્ટ્રીકટ જજ શ્રી પંચાલ સાહેબની કોર્ટ આણંદ ના ઓ એ કરેલ છે."

આમ આ કેસમાં શ્રી ટી.ડી.વાળા, જુનીયર ઇજનેર અપરાધી ઠર્યા છે. તેથી સ્ટેચ્યુટ એસ.૧૧૮ કૃષિ યુનિવર્સિટીના સેવા (શિસ્ત અને અપીલ) નિયમ- ૨૪.૧(૧) મુજબ શ્રી વાળાને શિક્ષા કરવાની થાય છે. સદર નિયમોના નિયમ-૧૭માં કરેલ જોગવાઇ મુજબ કોઇ પણ શિક્ષા કરવાની સત્તા નિયામક

મંડળને છે પરંતુ આ કેસમાં ફોજદારી કાર્યવાહીમાં શ્રી વાળાને અપરાધી ઠરાવીને સખ્ત કેદની સજા નામદાર કોર્ટે કરેલ હોવાથી ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૪ના સેકશન -૧૧(૬)(એ) નીચે મળેલ સત્તાની રૂએ હું ડૉ. એન.સી. પટેલ, કુલપતિ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ શ્રી વાળાને તા.૦૧-૦૩-૨૦૧૭ બપોર પહેલાંની અસરથી યુનિવર્સિટીની સેવામાંથી બરતરફ કરું છું. આ શિક્ષા અંગેની જાણ નિયામક મંડળને હવે પછીની બેઠકમાં કરવાનું પણ હું ઠરાવું છું.

પ્રસ્તુત આદેશ યુનિવર્સિટીના કામના હિતમાં કરવામાં આવે છે.

(એન. સી. પટેલ)
કુલપતિ

જા.નં. આકૃયુ/રજી/સીસી.૨/ખાનગી/૮૦૯૨૯/૧૭
તા. ૦૨-૦૩-૨૦૧૭

નકલ રવાનાઃ-

(૧) શ્રી ટી.ડી.વાળા,
મારફતઃ- કાર્યપાલક ઇજનેરશ્રી, આ. કૃ.યુ. આણંદ. સદર હુકમ શ્રી વાળાને પહોંચાડી તેની પહોંચ અત્રે રજુ કરશો.

(૨) યુનીવર્સિટીના તમામ અધિકારીશ્રી તથા યુનિવડાશ્રીઓ તરફ જાણ સારૂ.

(૩) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ. આણંદ

(૪) વહીવટી-વ- હિસાબી અધિકારીશ્રી/ હિસાબી અધિકારી/ આ. કૃ.યુ. આણંદ

નકલ સવિનય રવાનાઃ-

(૧) મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, એ.સી.બી. ગુ.રા. અમદાવાદ.

(૨) એ.સી.બી. પોલીસ સ્ટેશન, ખેડા, નડીયાદ.

(૩) એ.સી.સી. પોલીસ સ્ટેશન, આણંદ

(૪) એડીએમ.૧ અને ૨ શાખા તરફ.

(૫) સીલેકટ ફાઇલ.